ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૨૯.૦° સે.	૨૭.૦° સે.
આહવા	૨૮.૦° સે.	૨૫.૦° સે.
વલસાડ	૨૯.૦° સે.	૨૬.૦° સે.
વાપી	૨૯.૦° સે.	૨૬.૦° સે.

સાપુતારામાં ભારે વરસાદ વચ્ચે પણ બોટિંગ યથાવત

જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માંગ, નિયમોનું પાલન થાય તે જરૂરી

સાપુતારા: રાજ્યનાં પ્રસિદ્ધ ગિરિમથક સાપુતારા ખાતે રવિવારે સાંજે અંદાજે ૪ વાગ્યા બાદ અચાનક ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ભારે વરસાદ અને ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી (દૃશ્યતા) ખૂબ જ ઓછી થઈ ગઈ હોવા છતાં, સાપુતારાના પ્રખ્યાત સર્પગંગા તળાવમાં બોટિંગ સંચાલકો દ્વારા નૌકાવિહાર ચાલુ રાખવામાં આવ્યો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. પ્રતિકૂળ હવામાન અને મૂશળધાર વરસાદ વચ્ચે પણ માત્ર કમાણીના હેતુસર પ્રવાસીઓના જીવ જોખમમાં મૂકીને બોટિંગ ચાલુ રખાતા સ્થાનિકો અને પર્યટકોમાં ભારે આશ્ચર્ય સાથે રોષ જોવા મળ્યો હતો. જેના કારણે પ્રવાસીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ઉલ્લેખનીય છે કે, હજુ ગઈકાલે જ એક પ્રવાસી બોટમાંથી તળાવમાં કૂદી પડ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આ ગંભીર ઘટના બાદ તંત્ર અને સંચાલકો દ્વારા સુરક્ષા વ્યવસ્થા સખત કરવામાં આવશે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી, પરંતુ પરિસ્થિતિમાં કોઈ ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, પ્રવાસીઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને ભારે વરસાદ કે ગાઢ ધુમ્મસ જેવી આપત્તિજનક સ્થિતિમાં બોટિંગ તાત્કાલિક ધોરણે બંધ રાખવું જોઈએ. આ ઉપરાંત દરેક મુસાફર માટે લાઈફ જેકેટ ફરજિયાત બનાવવું, બોટમાં ક્ષમતા કરતાં વધુ પ્રવાસીઓને ન બેસાડવા અને હવામાન સંપૂર્ણપણે સાનુકૂળ થાય ત્યાર બાદ જ નૌકાવિહારની મંજૂરી આપવી જેવા કડક નિયમોનું પાલન કરવું અનિવાર્ય બન્યું છે.

હાલમાં લોકમુખે એવો સવાલ ચર્ચાઈ રહ્યો છે કે, જો આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં કોઈ મોટી હોનારત કે દુર્ઘટના સર્જાય, તો તેની જવાબદારી આખરે કોની રહેશે? નફાખોરી કરતા બોટિંગ સંચાલકોની કે પછી આંખ આડા કાન કરતા વહીવટી તંત્રની? ભારે વરસાદ વચ્ચે પણ બેદરકારીપૂર્વક બોટિંગ ચાલુ રાખવા બદલ જવાબદારો સામે તંત્ર દ્વારા કાર્યવાહી કરવી જરૂરી છે.

વલસાડ જિલ્લામાં વરસાદ ધીમો પડ્યો: કપરાડામાં બે ઇંચથી વધુ

સાંજે 6 વાગ્યા સુધી સરેરાશ 18.14 મિ.મી. વરસાદ નોંધાયો

વલસાડ: વલસાડ જિલ્લામાં રવિવારે વરસાદી માહોલ યથાવત રહ્યો હતો, મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાતા જનજીવન સામાન્ય રહ્યું હતું. જિલ્લા કન્ટ્રોલ રૂમના આંકડા મુજબ રવિવારે સાંજે 6 વાગ્યા સુધી જિલ્લામાં સરેરાશ 18.14 મિ.મી. વરસાદ નોંધાયો છે.

આજે સૌથી વધુ 51 મિ.મી. વરસાદ કપરાડા તાલુકામાં નોંધાયો હતો. જ્યારે ઉમરગામમાં 25 મિ.મી., વાપી અને નાનાપોંઢામાં 19-19 મિ.મી., પારડીમાં 7 મિ.મી., ધરમપુરમાં 5 મિ.મી. અને વલસાડ તાલુકામાં 1 મિ.મી. વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન કુલ વરસાદની વાત કરીએ તો વલસાડ તાલુકામાં 591 મિ.મી. વરસાદ સાથે સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ત્યારબાદ ઉમરગામમાં 580 મિ.મી., વાપીમાં 481 મિ.મી., પારડીમાં 468 મિ.મી., કપરાડામાં 380 મિ.મી., ધરમપુરમાં 296 મિ.મી. અને નાનાપોંઢામાં 281 મિ.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ કુલ વરસાદ 439.57 મિ.મી. સુધી પહોંચ્યો છે. બપોર બાદ કપરાડા, ઉમરગામ અને નાનાપોંઢા પંથકમાં વરસાદની તીવ્રતા વધુ જોવા મળી હતી. ખાસ કરીને કપરાડા તાલુકામાં સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન 35 મિ.મી. વરસાદ નોંધાતા વરસાદી માહોલ જામ્યો હતો.

હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી હોવાથી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

ગણદેવી તાલુકામાં ૫.૬૮ ઇંચ બાદ વરસાદનો વિરામ

બીલીમોરા ૫. ગણદેવી તાલુકામાં શનિવાર રાત્રે વરસાદ મન મૂકીને વરસ્યો હતો. જેમાં ગણદેવીમાં ૧૪૨ મીમી (૫.૬૮ ઇંચ) વરસાદી પાણી ઝીંકાયું હતું. તે સાથે મોસમનો ગણદેવી માં ૫૨૩ મીમી(૨૦.૯૨) ઇંચ વરસાદ નોંધાયો છે. રવિવારે દિવસ દરમિયાન વરસાદ પડ્યો ન હતો. જગતનો તાત ખેતીકામમાં જોતરાયો હતો. હવામાન વિભાગની આગાહીઓ સાચી પુરવાર થતી હોય એમ જિલ્લા, તાલુકાઓમાં વરસાદ મન મૂકીને વરસી રહ્યો છે. શનિવાર રાત્રે ભારે વરસાદ બાદ રવિવારે દિવસભર વરસાદે આરામ ફરમાવ્યો હતો. જેને પગલે તંત્ર દ્વારા ઠેર ઠેર પાણીનો ભરાવો દૂર કરાયો હતો. માર્ગો ઉપર સાફ સફાઇ કરાઈ હતી. લોકમાતા વહેતી હતી.

ધમડાચી પાસે નેશનલ હાઈવેના નવા બ્રિજ પર 10 ફૂટનો ખાડો પડ્યો

વાહનો બ્રિજનીનીચેથી પસાર થતા હોવાથી ભારે ટ્રાફિકજામ

વલસાડ: વલસાડ નેશનલ હાઈવે નંબર 48 પર વલસાડના ધમડાચી ગામની સીમમાં પીરૂ ફળિયા પાસે તાજેતરમાં જ બનાવવામાં આવેલા નવા ઓવરબ્રિજ પર એક મસમોટો ખાડો પડી ગયો હતો. સુરક્ષાના પગલાં રૂપે વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે મુંબઈથી અમદાવાદ તરફ જતો આખો બ્રિજ વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બ્રિજ હજુ ગણતરીના સમય પહેલા જ તૈયાર કરવામાં આવ્યો હતો. ચોમાસાની શરૂઆતમાં જ બ્રિજ પર ગાબડું કે મોટો ખાડો પડી જતાં તંત્રની કામગીરી અને બ્રિજના નિર્માણમાં વપરાયેલી સામગ્રીની ગુણવત્તા સામે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મુંબઈથી અમદાવાદ તરફ જતા વાહનો માટે બ્રિજ બંધ કરાતાં હાઈવે પર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ છે. હાલમાં વાહનોને બ્રિજની નીચેના સર્વિસ રોડ પર અથવા અન્ય વૈકલ્પિક માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યા છે. પીક અવર્સ દરમિયાન આ માર્ગ પર ભારે ટ્રાફિક જામ સર્જાય તેવી શક્યતા હોવાથી વાહનચાલકોને ધીમે અને સાવચેતીપૂર્વક વાહન ચલાવવાની અપીલ કરવામાં આવી છે.

વલસાડના દરિયામાં 10 ફૂટ ઊંચા મોજાં ઉછળ્યાં

વલસાડ તિથલનો દરિયો ભરતીના કારણે તોફાની બન્યો હતો. દરિયાનાં મોજાં પથ્થર સાથે અથડાયાં હતાં અને 8થી 10 ફૂટ જેટલા ઊંચા મોજાં ઉછળ્યાં હતાં.

ગિરીશ ભોયે

સાપુતારા ગવર્નર હિલ પર જોખમી સ્ટંટ કરનારા સામે પગલાં લેવાયાં

સાપુતારા: સાપુતારા ખાતે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સાપુતારા પોલીસની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી છે. સાપુતારાના ટેબલ પોઈન્ટ (ગવર્નર હિલ) ઉપર પોતાની ગાડી વડે જોખમી રીતે સ્ટંટબાજી કરી રહેલા એક થાર ગાડી ચાલકને પોલીસે ઝડપી પાડી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રવિવારે સાપુતારા પોલીસના પી.આઈ. જે.કે. બારિયાના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસની ટીમ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન ગવર્નર હિલ પર જોખમી સ્ટંટ કરતા થાર ગાડી ચાલકને રંગેહાથ પકડી પાડ્યો હતો. સાપુતારા પોલીસ તપાસમાં પકડાયેલા ગાડી ચાલકનું નામ અનસ ખલીલ શેખ (ઉમર વર્ષ ૩૧, રહે. બાહેરાપુરા, બકરા માર્કેટ ગલ્લી, પાંચોરા, જિ. જલગાંવ, મહારાષ્ટ્ર) હોવાનું સામે આવ્યું છે. સ્ટંટબાજીમાં સંડોવાયેલી મહિન્દ્રા થાર ગાડીને એમ.વી. એક્ટની કલમ ૨૮૧ હેઠળ ડિટેઈન કરી ઈ-ચલણ મેમો આપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દમણના દરિયામાં મોતના મુખમાંથી લાઈફગાર્ડે યુવકનો જીવ બચાવી લીધો

દરિયામાં જવા પર પ્રતિબંધ હોવા છતાં નહાવા પડેલા યુવકને 4 બીચ લાઈફગાર્ડે જીવના જોખમે બચાવી લેવાયો

દમણ: સંઘપ્રદેશ દમણના જેટીના દરિયામાં ડૂબતા એક યુવકને બીચ લાઈફગાર્ડના સ્વયંસેવકોએ બનીને બચાવી લીધો છે. વિકેન્ડમાં દમણના દરિયા કિનારે હજારોની સંખ્યામાં સહેલાણીઓ ફરવા આવતા હોય છે. જેમાં અનેક પર્યટકો દારૂના નશામાં છાકટા થઈને દરિયામાં કૂદી પડતા હોય છે. ત્યારે રવિવારે એક યુવક દરિયાની ભરતીમાં અંદર સુધી ગયા બાદ દરિયાના મોજા વચ્ચે સપડાઈ જતા તે ડૂબવા લાગ્યો હતો.

આ દૃશ્યો કિનારે ઉભેલા લાઈફગાર્ડના 4 જેટલા સ્વયંસેવકોએ જોતા તેઓ તુરંત ઉછળતા મોજા વચ્ચે દરિયામાં કૂદીને ડૂબતા યુવકનો જીવ બચાવી તેને સહી સલામત કિનારે લાવ્યા હતાં. આ ઘટનાને જોવા દરિયા કિનારે સહેલાણીઓનું મોટું ટોળું જમા થઈ ગયું હતું.

ચોમાસાની ઋતુ દરમિયાન દરિયામાં ભારે કરંટ જોવા મળતો હોય છે અને આવા સંજોગોમાં દરિયામાં ઉતરવું ખૂબ જ જોખમી હોય છે. ત્યારે આ સંભાવનાઓને ધ્યાન પર લઈને દમણ પ્રશાસને 17 જૂનથી 16 ઓગસ્ટ 2026 સુધી દરિયામાં નહાવા અને અંદર જવા પર પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં અમુક લોકો આદેશનો સરેઆમ ઉલ્લંઘન કરી જીવના જોખમે દરિયામાં ઉતરવાનું સાહસ ખેડી રહ્યા છે. હાલમાં દમણના સમુદ્ર કિનારે સહેલાણીઓની સુરક્ષા માટે 7 લાઈફગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. જેમની સમયસૂચકતાથી આજે એક યુવકનો જીવ બચી જવા પામ્યો છે.

નવસારીની 15 પ્રાથમિક શાળાઓની જમીનનું રેકોર્ડ તૈયાર કરાયું

નવસારી: નવસારી શહેરની સરકારી પ્રાથમિક શાળાઓના જમીન દસ્તાવેજોને કાયદેસર કરવાની કામગીરી પૂર્ણ થઈ છે. નવસારી (શહેર) મામલતદાર અને કાર્યપાલક મેજિસ્ટ્રેટની કચેરીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રજૂઆતના આધારે 15 શાળાઓના જમીન રેકોર્ડમાં જરૂરી સુધારાની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. આ કામગીરી હેઠળ 10 પ્રાથમિક શાળાઓના નામ 7/12ના બીજા હક્કમાં નોંધવામાં આવ્યાં છે, જ્યારે ગામતળ અથવા પ્રોપર્ટી કાર્ડ ધરાવતી પાંચ શાળાઓના કેસ આગળની કાર્યવાહી માટે ILR કચેરીને મોકલવામાં આવ્યા છે. સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરીને તેનો અહેવાલ જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવ્યો હતો. જમીનના દસ્તાવેજોમાં શાળાનું નામ નોંધાવવાથી શાળાની જમીનનો કાયદેસર હક્ક વધુ સ્પષ્ટ બનશે. પરિણામે ભવિષ્યમાં જમીન સંબંધિત વિવાદો અથવા ગેરકાયદે દબાણની શક્યતા ઘટશે.

નવસારીમાં ગટરના કારણે રસ્તો બિસમાર

રસ્તા પર પાણી ભરાયેલાં હોવાથી ખાડા દેખાતા નથી, વાહનચાલકો પરેશાન

નવસારી: નવસારીના સાંઢકૂવા વિસ્તારમાં ગટર લાઇનની કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય રીતે પુનઃસ્થાપન ન થતાં સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ચોમાસાના વરસાદને કારણે રસ્તા પર ઉભા રહેલા પાણીમાં ખાડાઓ દેખાતા ન હોવાથી વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક દિવસોમાં વરસાદી પાણીથી ભરાયેલા ખાડાઓના કારણે બે-ત્રણ નાની અકસ્માતની ઘટનાઓ પણ બની છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે આ રસ્તો વધુ જોખમી બની ગયો હોવાનું તેઓ જણાવે છે.

વિસ્તારના રહીશ કલ્પેશ શાહે જણાવ્યું કે, ગટર લાઇનનું કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું સમયસર સમારકામ થવું જોઈતું હતું. પરંતુ હાલની સ્થિતિને કારણે રોજિંદી અવરજવરમાં મુશ્કેલી વધી રહી છે અને રાત્રિના સમયે અકસ્માતની શક્યતા વધુ રહે છે.

સ્થાનિકોએ સંબંધિત તંત્રને તાત્કાલિક રસ્તાનું સમારકામ કરવા, જોખમી સ્થળોએ ચેતવણી સૂચક બોર્ડ અને બેરિકેડ્સ મૂકવા તેમજ કામગીરીમાં બેદરકારી અંગે જરૂરી તપાસ કરવાની માંગ કરી છે. સમયસર યોગ્ય પગલાં લેવામાં આવે તો સંભવિત અકસ્માતો અટકાવી શકાય તેવી લાગણી સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે. દર વર્ષે વરસાદ પૂર્વે કરવામાં આવતી પ્રિ-મોન્સૂનની કામગીરી સામે અનેક પ્રશ્નો ખડા થયા છે.

તિઘરામાં વરસાદના કારણે રસ્તા પર ધસી જતાં ટ્રક ફસાયો

નવસારી: નવસારીના વોર્ડ નં. 13 હેઠળ આવેલા તિઘરા ગામમાં GUDC દ્વારા પાઇપલાઇનની કામગીરી બાદ રસ્તાનું યોગ્ય રીતે પુનઃસ્થાપન ન થતાં ચોમાસામાં મુશ્કેલી વધી રહી છે. વરસાદના કારણે રસ્તાની માટી ધસી પડતા રવિવારે એક ભારે ટ્રક ફસાઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ કાળા ફળિયા વિસ્તારમાં તળાવ પાસેનું નાળું પણ ધરાશાયી થયું હતું. સતત બીજી ઘટના સામે આવતાં કામગીરીની ગુણવત્તા અંગે સ્થાનિકોમાં સવાલો ઉઠ્યા છે.

વરસાદ અટક્યો છતાં નવસારીના 23 માર્ગ હજુ બંધ

દર વર્ષે એ જ સ્થિતિ કેમ? પ્રિ-મોન્સૂન કામગીરી પર ઊઠ્યા સવાલો

નવસારી: જિલ્લામાં વરસાદનું જોર ઘટવા છતાં અતિવૃષ્ટિની અસર હજુ યથાવત્ છે. માર્ગ અને મકાન વિભાગના 5 જુલાઈ સાંજે 5 વાગ્યાના અહેવાલ મુજબ નવસારી જિલ્લામાં હજુ પણ 23 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ છે. અંબિકા નદી પરના પુલનું સમારકામ પૂર્ણ થતાં આ માર્ગ ફરી શરૂ કરવામાં આવ્યો છે.

હાલ નવસારી તાલુકામાં સૌથી વધુ 11 માર્ગો બંધ છે, જ્યારે ચીખલી અને ગણદેવીમાં 4-4, જલાલપોરમાં 2 તેમજ ખેરગામ અને વાંસદામાં એક-એક માર્ગ હજુ પણ અસરગ્રસ્ત છે. વિભાગે 12 માર્ગોનું સમારકામ પૂર્ણ કર્યું હોવાનું જણાવ્યું છે, જ્યારે બાકીના માર્ગો પર પાણી ઉતર્યા બાદ વાહનવ્યવહાર શરૂ કરવામાં આવશે.પ્રથમ ભારે વરસાદ બાદ જ એકસાથે 23 માર્ગો બંધ કરવાની સ્થિતિ સર્જાતાં પ્રશ્નો ઊભા થયા છે.

સંક્ષિપ્ત સમાચાર

ખેરગામ બહેજમાં 108ની ટીમે એમ્બ્યૂલન્સમાં જ પ્રસૂતિ કરાવી

ખેરગામ: ખેરગામ તાલુકાના બહેજ ગામના મોટા ફળિયામાં રહેતી સુંદરબેન સતિષભાઈ પટેલને ડીલીવરીનો દુખાવો ઉપડતા ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવ્યો હતો. સુંદરબેનને લઈ હોસ્પિટલ જતી વેળા જ તેણીને ડીલેવરીનો દુખાવો વધી જતા ડ્રાઇવર અનિલભાઈ પટેલને એમ્બ્યુલન્સ રોડની સાઈટ પર ઉભી રખાવી હતી અને ઈ એમ ટી રવિ પટેલ દ્વારા તેણીને ચેક કરવામાં આવી અને ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ સફળતાપૂર્વક નોર્મલ ડીલેવરી કરાવી હતી. માતા અને બાળકનો જીવ જોખમમાં હતો તેવા સમયે હિમતપૂર્વક નોર્મલ ડિલિવરી કરાવી માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો. જેના પગલે પરિવારજનોમાં ખુશીનો માહોલ વ્યાપી જવા પામ્યો હતો. પ્રસૂતી બાદ માતા-બાળકને ખેરગામ સી એચ સી ખાતે લઈ જવામાં આવતા ડો. વિપુલ પટેલ અને સ્ટાફ તેમજ ૧૦૮ના નવસારીના પ્રોગ્રામ મેનેજર હેમંત સોલંકી દ્વારા 108ના બન્ને કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સાપુતારામાં પ્રવાસી સાથે ટુર પેકેજના નામે રૂ. ૭૫,૦૦૦ની ઠગાઇ કરનારા બે પકડાયા

સાપુતારા: ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશનની ટીમે પ્રવાસી સાથે પ્રવાસના બહાને લોભ-લાલચ આપી છેતરપિંડી આચરતી ગેંગના બે સાગરીતોને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા હતા.મળતી માહિતી મુજબ, 'vendorland tours & Vacations Pvt. Ltd' નામની કંપનીના સંચાલકો અને કર્મચારીઓએ ફરિયાદીને ટુર પેકેજ અપાવી અલગ-અલગ ચાર્જના નામે કોઈ સુવિધા આપ્યા વગર રૂ. ૭૬,૦૦૦ની છેતરપિંડી કરી હતી. ક્રેડિટ કાર્ડના વ્યાજ પેટે પણ રૂ. ૧૦,૫૦૦ પડાવી લીધા હતા. આ અંગે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS) ની કલમ ૩૧(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધાતા સાપુતારા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી આ ગુનામાં સામેલ મુખ્ય આરોપીઓ નીલેશ રામદાસભાઈ આહીરે (રહે. નાશિક, મહારાષ્ટ્ર) અને મિત સુરેશભાઈ શાહ (રહે. વિરાર, જિ. પાલઘર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યા હતા. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીઓ પૂજા શર્મા અને જયદીપ શેટ્ટી (બંને કંપનીના કોલ સેન્ટર કર્મચારી)ને પકડવા ચક્રો ગતિમાન કર્યાં હતાં. સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. જે.કે. બારિયાની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન રિસોર્સની મદદથી આ કામગીરી કરી હતી.

વાંસદામાંથી દારૂ ભરેલી કાર કબજે

વાંસદા: પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વાંસદા પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ખાનગી બાતમી મળી હતી કે એક કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી વાંસદા તરફ લાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે ઉમરકુઈથી ખુડવેલ જતાં ઢોલુંબર ગામના રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાન સફેદ રંગની હોન્ડા કાર (નંબર GJ-21 CA-9123) ત્યાંથી પસાર થતાં પોલીસે તેને રોકવાનો ઇશારો કર્યો હતો. કારચાલકે વાહન ન રોકી લાખાવાડી તરફ પૂરઝડપે કાર હંકારી દીધી હતી. પોલીસે તેનો પીછો કરતાં લાખાવાડી ગામના ડુંગરી ફળિયામાં વળાંકવાળા રસ્તા પર કાર રોડની નીચે ઉતારી મૂકી ચાલક ઝાડી-ઝાંખરામાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે કારની તપાસ કરતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ તથા બીયરનો જથ્થો મળી આવ્યો હતો. કુલ 986 નંગ દારૂ અને બીયરની બોટલો, જેની અંદાજિત કિંમત રૂ. 2,70,280, ઉપરાંત મોબાઇલ ફોન (રૂ. 15,000) અને કાર (રૂ. 4,00,000) મળી કુલ રૂ. 6,75,280નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે વાંસદા પોલીસ મથકે ફરાર આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

નાહુલી દમણગંગાના ગોડાઉનમાંથી રૂ. 1.10 લાખના દારૂ સાથે બે પકડાયા

ઉમરગામ: ભીલાડ પોલીસની ટીમ શનિવારે ભીલાડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે વખતે બાતમી મળતા દમણગંગા રોયલ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક ગોડાઉન નંબર 43 નાહુલી ખાતેથી બીયર તથા વિસ્કી કિંમત. રૂ. 1,10,368 નો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. તહોમતદાર ચિરાગ બાબુ ચૌહાણ (રહે: વાપી ભડક મોરા), ગૌતમ રાજુ ગુપ્તા (રહે: વાપી સુલપડ)ની અટક કરી હતી. તેમની પાસેથી રૂ. 10,000ની કિંમતના બે મોબાઇલ ફોન કબજે લીધા હતા. કુલ રૂ. 1,20,368નો મુદ્દામાલ કબજે લીધો હતો. દારૂનો જથ્થો છૂટક વેચાણ માટે રાખેલ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ભીલાડ પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સરીગામના માંડામાંથી ગાંજા સાથે એક પકડાયો

ઉમરગામ: સરીગામ પોલીસે બાતમીના આધારે માંડા પ્લાટપાડા વિસ્તારમાં રોડ પાસે લાકડાના બેસવાના માંચડા પર બેસીને ધવલ જયરામભાઈ ઠાકરિયા (ઉ.વ. 22, રહે: માંડા ગામ પ્લાટ પાડા) પાસેથી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલો ગાંજાનો જથ્થો 97.21 ગ્રામ જેની કિંમત રૂપિયા 4,860.50નો મુદ્દા માલ મળી આવતા તેની અટક કરી હતી. ગાંજાનો જથ્થો આપનાર સંજાણના એક શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો. વધુ તપાસ સરીગામ પોલીસ સ્ટેશનના પીઆઇ બી. આર. બેરા કરી રહ્યા છે.

બે મહિનાથી ફરાર મહિલા બુટલેગર ઝડપાઈ

નવસારી: વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા બે મહિનાથી ફરાર મહિલા આરોપીને જલાલપોર પોલીસે ઝડપી પાડી છે. પોલીસે બાતમીના આધારે મોટી કરોડ ગામ ખાતે દરોડો પાડી ભાવિષા ઉર્ફે રમીલાબેન કેતનભાઈ પટેલ (ઉ.વ. 45)ની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામે અગાઉ નવસારી રૂરલ, વલસાડ રૂરલ અને પારડી પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ અનેક ગુનાઓ નોંધાયેલા છે. હાલ તેને વલસાડ રૂરલ પોલીસને સોંપી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ધરમપુરના મનાઈયોઢીમાં અકસ્માતમાં એકનું મોત

ધરમપુર: ધરમપુર તાલુકાના મનાઈયોઢી ગામ નજીક આવેલા નાના પુલ પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી. સંજયભાઈ મનોજભાઈ રાઉત (રહે. વાથોડા ધરમપુર) દ્વારા પોલીસ મથકે કરેલ જાણ અનુસાર, ગત રોજ સાંજે અંદાજે 4 વાગ્યે મનાઈયોઢી ગામ નજીક નાના પુલ પાસે હનમતમાળ ગામથી બિલ્વા ગામ તરફ જતા માર્ગ પર જયદીપભાઈ કરસનભાઈ ગોદડે પોતાની સ્પ્લેન્ડર મોટરસાયકલ (GJ-19-AS-5891) પર પાછળની સીટમાં મનોજભાઈ જીવલુભાઈ રાઉત તથા તેમની પાછળ સોનિયાબેન જયદીપભાઈ ગોદડેને બેસાડી જઈ રહ્યા હતાં. મોટરસાયકલ રસ્તાની બાજુમાં અથડાઈ નાના પુલની નીચે ઢાળ તરફ ખાબકી હતી. અકસ્માતમાં સોનિયાબેન જયદીપભાઈ ગોદડેને માથાના ભાગે ગંભીર ઇજાઓ તેમજ બંને હાથમાં ફ્રેક્ચર થયું હતું. જ્યારે મનોજભાઈ જીવલુભાઈ રાઉતને મોઢા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઇજાઓ તેમજ જમણા હાથના કોણી અને કાંડા ખાતે ફ્રેક્ચર થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં મોટરસાયકલ ચાલક જયદીપભાઈ કરસનભાઈ ગોદડેને પણ ઇજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે ધરમપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મરોલીથી દાંડી સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં મરીન પોલીસ દ્વારા પેટ્રોલિંગ

ઉમરગામ: મરીન વિભાગના પોલીસ અધિક્ષક હજીરા સુરત એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ ઉમરગામ મરીન સેક્ટર લીડર, નાયબ પોલીસ અધિક્ષક એ. એમ. કુગસીયા, મરીન ટીમ લીડર PSI એસ. એસ. પઠાણ, PSI કે. સી. પટેલ અને મરીન કમાન્ડોનાઓ સાથે રવિવારે સઘન કોસ્ટલ પેટ્રોલીંગ અંતર્ગત વલસાડ જિલ્લાના મરોલીથી દાંડી સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ કર્યું હતું. જેમા મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ બોટ, શંકાસ્પદ ઇસમો, અવાવરૂ જગ્યાઓનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું.